૮૦ વર્ષથી વધુ ઉંમરનાં પેન્શનરો
માટે ઉંમરનાં પૂરાવા તરીકે તબીબી
પ્રમાણપત્ર માન્ય રાખવા બાબત.

## હિસાબ અને તિજોરી નિયામકની કચેરી

ગુજરાત રાજ્ય,'વીમા અને લેખા ભવન',
બ્લોક નં.૧૭, ડો..જીવરાજ મહેતા ભવન સંકુલ, ગાંધીનગર.

**પરિપત્ર નંબરઃ– હિતિનિ/ટીસી/ફા.૧૩૪/૨૦૨૬/૩૫૦૫–૩૫૩૨**
**તારીખ: ૧૪/૬/૨૦૧૦**

### :: પરિપત્ર ક્રમાંક :: ૧૨ / ૨૦૧૦ ::

રાજય સરકારમાં અમલી બનેલ છઠ્ઠા પગારપંચ સંદર્ભે નાણા વિભાગનાં ઠરાવ ક્રમાંકઃ પીજીઆર / ૧૦૦૯/ ૫/ પેસેલ (એમ) તા.૧૩/૪/૨૦૦૯ થી થયેલ જોગવાઈ મુજબ ૮૦ વર્ષ ઉપરની ઉંમરનાં પેન્શનર / કુટુંબ પેન્શનરને ઉંમરનાં પ્રમાણસર મૂળ પેન્શનનાં ૨૦% કે તેથી વધુ વધારાનું પેન્શન ચૂકવવાનું રહે છે.

આ જોગવાઈનાં તિજોરી કચેરી કક્ષાએ વાસ્તવિક અમલ સમયે ઉંમરનાં પૂરાવા રજુ કરવા પેન્શનરોને થતી મુશ્કેલીઓ દુર કરવા, રાજય સરકારે ગુજરાત મુલ્કી સેવા (નોકરીની સામાન્ય શરતો) નિયમો, ૨૦૦૨ નાં નિયમ–૪૦ (ચ)ની જોગવાઈઓમાં છુટછાટ મુકીને નાણા વિભાગનાં ઠરાવ ક્રમાંકઃ પીજીઆર – ૧૦૦૯–૪–પી તા.૨૭/૭/૨૦૦૯ થી જન્મ તારીખનાં આધાર માટે વધારાનાં ૮ (આઠ) દસ્તાવેજો માન્ય રાખવા તથા તે સિવાય અન્ય કોઈ આધારભૂત પૂરાવા / દસ્તાવેજ રજુ થાય તેવા કેસો માટે જે તે વહીવટી વિભાગનો નિર્ણય આખરી ગણવા ઠરાવેલ છે.

રાજયની કેટલીક તિજોરી કચેરીઓમાં તબીબી પ્રમાણપત્ર રજુ કરી વધારાનાં પેન્શન માટે કલેઈમ રજુ કરવાનાં પ્રસંગ ઉપસ્થિત થતાં આ પ્રશ્ન માટે સ્પષ્ટતા કરવાનું જરૂરી બનેલ છે.

રાજય સરકારનાં કર્મચારીઓનાં કિસ્સામાં, ઉપર ફકરામાં ઉલ્લેખ કરેલ નિયમ ૪૦(ચ) મુજબ તબીબી પ્રમાણપત્રમાં દેખાવ ઉપરથી જણાતી ઉંમરને ખરી ઉંમર ગણવાની બાબતને ૮૦ વર્ષ ઉપરની ઉંમરનાં પેન્શનરોને વધારાનાં પેન્શન ચૂકવણાનાં હેતુ માટે પણ છુટછાટ આપી માન્ય રાખવાની થાય.

નિયમ ૪૦(ચ) નો મૂળ હાર્દ ઉંમર હેતું તબીબી પ્રમાણપત્ર રજુ કરવા સંદર્ભે છે. જે ધ્યાને લેતાં ગુજરાત મુલ્કી સેવા (નોકરીની સામાન્ય શરતો) નિયમો, ૨૦૦૨ નાં નિયમ–૯(૪૫) માં ઉલ્લેખ કરેલ તબીબી સત્તાધિકારી દ્વારા નિયમ–૪૦(ચ) માં ઉલ્લેખ કરેલ પરિશિષ્ટ–૩ નાં નમુનામાં પેન્શનર / કુટુંબ પેન્શનર દ્વારા તબીબી પ્રમાણપત્ર રજુ થાય તો તે માન્ય ગણી નિયમોનુસાર ઉંમર આધારિત વધારાનું પેન્શન / કુટુંબ પેન્શન ચૂકવવાનું રહેશે.

નિયામક ૧૪/૬/૧૦

**<u>નકલ સવિનય રવાનાઃ–</u>**
નાયબ સચિવશ્રી, (પેન્શન) નાણા વિભાગ, સચિવાલય, ગાંધીનગર તરફ જાણ સારૂ.
**<u>નકલ રવાનાઃ–</u>**
(૧) નિધિ નિરીક્ષણ અધિકારીશ્રી, હિસાબ અને તિજોરી નિયામકની કચેરી, ગાંધીનગર
(૨) શ્રેયાન / જિલ્લા તિજોરી અધિકારીશ્રી, .................
(૩) તિજોરી અધિકારીશ્રી પેન્શન ચૂકવણા કચેરી, અમદાવાદ
તરફ જાણ તથા અમલ સારૂ.

E:\PB\NBC\134.doc539